જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૫/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૭૪૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૧૧૨ લીટર દેશી દારૂ, ૨૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ બીયરટીન કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૭,૯૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૭૪૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ– **સમાચાર યાદી નં.૭૪૭/૨૦૨૬**

બાપુનગરઃ પ્રફ્ફુલભાઇ હર્ષદભાઈ સોજીત્રા (ઉ.વ.૪૧)(રહે.જીવન ટ્વીન બંગ્લોઝ, દાનેવપાર્ક પાછળ, નિકોલ) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૫/૨૦૨૬ ના કલાક ૦૦/૧૦ વાગ્યાના સુમારે ઇન્ડીયા કોલોની રોડ પર આવેલ "અવધ આઈસ ગોળો" ની લારી પાસે મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યા પુરૂષએ પ્રફ્ફુલભાઇના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧,૬૭,૪૭૩/– મતાની ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી ચૌહાણ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૭૪૮/૨૦૨૬**

રીવરફ્રન્ટ વેસ્ટઃ ભાવનાબહેન રાકેશભાઈ વાઘેલા (ઉ.વ.૩૧)(રહે. વિક્રમ મિલનની ચાલી, ગેટ નંબર–૧, રખિયાલ રોડ સરસપુર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૫/૨૦૨૬ બપોરના ૧૨/૧૫ વાગ્યા પહેલા સાબરમતી રીવરફ્રન્ટ અટલબ્રિજ નીચે નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રિંકલબેન મોહનભાઇ ચલાવે છે.

બાપુનગરઃ બાપુનગર પ્રકાશ પેટ્રોલ પંપ પાસે, ચંદુલાલની ચાલી ખાતે આવેલ કાકાના ઘરે રહેતા વિક્કીભાઇ સ/ઓ ભરતભાઇ પટણી (ઉ.વ.૨૦) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૫/૨૦૨૬ ના કલાક ૦૦/૩૦ થી સવારના ૯/૧૦ વાગ્યા દરમ્યાન કાકાના ઘરની બાજુમા આવેલ ખાલી મકાનમાં ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ચૌધરી ચલાવે છે.

ગોમતીપુરઃ હિરલબહેન કેતનભાઇ પરમાર (ઉ.વ.૨૬)(રહે. પી કસ્ટડીયાની ચાલીના છાપરા, અશોકનગર સામે, રાજપુર–ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૫/૨૦૨૬ સવારના ૯/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો. કમિ.શ્રી આર.ડી.ઓઝા, "આઇ" ડિવિઝન નાઓ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી